PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૩/કવા–૦૩/૧૬–૧૭/ 03 તા. 02/02/17

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
દિપકભાઈ મેરગભાઈ ચાવડા,
ગામ: મેવાસા,
તા. કલ્યાણપુર
જી. દેવભુમી દ્વારકા
મો: ૯૮૨૫૬ ૦૬૮૬૯

વિષય :—નવા ખેતીવાડી વીજજોડાણ બાબત
સંદર્ભ:— આપની અરજી , તા. ૧૪–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૩/કવા–૦૩/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૦૫..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, ભાટીયા
...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 /A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૭/કવા–૦૭/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૩૦–૧૨–૧૬ સ્થળ :–જામનગર

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: દિપકભાઈ મેરગભાઈ ચાવડા, ગામ: મેવાસા,

રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે અરવિંદભાઈ વેણીલાલ ત્રીવેદી હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વિભાગીય કચેરી,ખંભાળીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

રજુઆત કરનાર :એમ.એન.ચૌધરી, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, જામ ખંભાળીયા

## : હુકમ :

ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત

**મુદ્દા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ને ગામ: હર્ષદપુર ના, નદીના તટપર ફાળવેલ જમીન પર, નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની, તેઓ શ્રી એ રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને, તા.૧૭–૦૯–૧૪ ના રોજ નોંધાયેલ અરજી પરત્વે, સદર મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ અરજી ને, મુળ સિંચાઈ વાળા સ્થળ સર્વે નંબર : ૨૪૨ મા આવેલ કુવા / બોર મા એક જોડાણ હૈયાત હોય, પરંતુ, અપુરતુ પાણી હોવાના કારણોસર, તેઓ શ્રી એ, સદર નવુ જોડાણ, જે સરકાર શ્રી તરફથી, તેઓ શ્રી ના સિંચાઈ ના સ્થળ સર્વે નંબર : ૨૪૨ થી, ૧૦૦૦ ફુટ દુર એવા, નદીના કિનારા પર આવેલ, સરકાર શ્રી ની માલીકી ના – બીન સર્વે નંબર (ખરાબા) ની જમીન પર, ૦–૦૧ ગુઠા ની સરકાર શ્રી ની ફાળવણી હેઠળ મંજુરી મેળવી, અને આ સ્થળ પર નવુ જોડાણ મંજુર કરાવી, અને જોડાણ ના સ્થળ પર થી, ૧૦૦૦ ફુટ પાઈપલાઈન ની પણ મંજુરી મેળવી, તે મુજબ, તેઓ શ્રી ની અંગત માલીકી ના સર્વે નંબર : ૨૪૨ મા, સિંચાઈ કરવા માટે, સદર જોડાણ નુ સ્થળ, જે સરકાર શ્રી ની તા.૨૬–૦૫–૧૪ ની મંજુરી વાળા ઓરીયા પર રાખવા સબબ ની, તેઓ શ્રી ની સદર અરજી પરત્વે પીજીવીસીએલ તરફથી કોઈ કાર્યવાહી થયેલ નથી. |
| ૧.૨ | અરજદાર શ્રી એ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને, ફોરમ કમિટી સામે મૌખીક ચર્ચાઓ કરી અને, કરાયેલ વિનંતી મુજબ, પ્રવર્તમાન સમયે સરકાર શ્રી તરફથી, ૦૮ એકર થી વધુ જમીનપર – કે જ્યા એક જોડાણ હૈયાત હોવા છતા, હૈયાત જોડાણ વાળા કુવા / બોર પર અપુરતુ પાણી હોય, તો તેવા સંજોગોમા આ જમીન પર સિંચાઈ કરવા માટે બીજુ જોડાણ આપવાની જોગવાઈ છે. તે જોગવાઈ ને આનુષાંગીક રહી, તેઓ શ્રી ની માલીકી ના ખેતીવાડી સર્વે નંબર : ૨૪૨, કે જેની જમીન ૫૦ વિઘા થી પણ વિશેષ છે. અને તેમા આવેલ કુવા / બોર પર – આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.:૩૨૦૦૧/૧૦૦૧૦/૧ ( ૨૦ હોપા) વાળા સ્થળ પર – અપુરતુ પાણી હોય, પુર્ણ જમીન મા સિંચાઈ થઈ શકે તેમ નથી. તેવા કારણોસર, સરકાર શ્રી તરફથી ઉપરોક્ત મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, ફાળવેલ / મંજુર કરેલ – બિન નંબરી સરકારી પડતર જમીન પર ના ઓરીયા પર, સદર તા.૧૭–૦૯–૧૪ વાળુ, નવુ – ૧૫ હોપા નુ, સામાન્ય યોજના હેઠળ નુ નવુ જોડાણ ચાલુ કરી, અને તે મુજબ, અપુરતી સીચાઈ વાળા, સદર સર્વે નંબર : ૨૪૨ સુધી, ૧૦૦૦ ફુટ ની સરકાર શ્રી ની મંજુરી હેઠળ ની પાઈપલાઈન નાખી, તે મુજબ સદર સર્વે નંબર : ૨૪૨ મા, સિંચાઈ થઈ શકે તે માટે, અરજદાર શ્રી એ સદર નવુ જોડાણ, જે ઓરીયા પર ચાલુ કરી, અને સર્વે નંબર : ૨૪૨ મા સિંચાઈ કરવા માટેની, મંજુરી મળવા માટે, અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, અને મૌખીક ચર્ચાઓ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |

| | |
|---|---|
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી દિપકભાઈ મેરગભાઈ ચાવડા ની, તેમના ગામ: હર્ષદપુર ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૨૪૨ ( ૭ એકર – ૫૬ આરે– ૭૬ મીટર ) મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની -- રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને, તા.૧૭–૦૯–૧૪ ના રોજ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા અરજી નોંધાવેલ હતી. આ અરજી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા, અરજી સાથે જોડેલ દસ્તાવેજીક પેપર્સ તેમજ, સ્થળ સર્વેક્ષણ સમયે, પીજીવીસીએલ ને જણાયેલ છે કે, માંગણી મુજબ ના સિંચાઈ ના સ્થળ સર્વે નંબર : ૨૪૨ મા '' અરજદાર શ્રી દિપકભાઈ મેરગભાઈ ચાવડા ના નામ પર નુ – એક ખેતીવાડી વીજજોડાણ નં.:૩૨૦૦૧/૧૦૦૧૦/૧ હૈયાત હતુ. '' જેથી, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફીકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૨૮ મા કરાયેલ જોગવાઈ, તેમજ પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ ના '' નવા ખેતીવાડી વીજજોડાણ માટે ના માર્ગદર્શન ના– મુદદા નં.(છ) મા કરાયેલ જોગવાઈ" મુજબ – '' કોઈપણ સિંચાઈ ના સ્થળ પર, સિંચાઈ કરવા માટે, માત્ર એક જોડાણ આપી શકાય". પરંતુ, સદર સિંચાઈ ના સ્થળ સર્વે નંબર : ૨૪૨ મા આવેલ કુવા / બોર પર, અરજદાર શ્રી દિપકભાઈ મેરગભાઈ ચાવડા ના નામનુ, સદર સર્વે નંબર : ૨૪૨ મા સિંચાઈ કરવા માટેનુ, ફરીયાદી અરજદાર શ્રી દિપકભાઈ મેરગભાઈ ચાવડા ના નામનુ જ, એક ખેતીવાડી વીજજોડાણ નં.:૩૨૦૦૧/૧૦૦૧૦/૧ ( ૨૦ હોપા) હૈયાત છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની, તા.૧૭–૦૯–૧૪ ના રોજ ની, સદર સર્વે નંબર : ૨૪૨ મા જ સિંચાઈ કરવા માટેની, સામાન્ય યોજના હેઠળ ના, નવા ૧૫ હોપા ના, ખેતીવાડી વીજજોડાણ ની – સદર મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ અરજી મા દર્શાવ્યા મુજબ ની વિગતે – એટલેકે – સદર નવુ જોડાણ, જે સરકાર શ્રી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને, સરકાર શ્રી તરફથી મળેલ મંજુરી અન્વયે ની વિગત – એટલેકે માંગણી મુજબ ના સિંચાઈ ના, આ જ સ્થળ, એટલેકે સર્વે નંબર : ૨૪૨ મા સિંચાઈ કરવા માટે, સદર સિંચાઈ ના સ્થળ સર્વે નંબર : ૨૪૨ થી, ૧૦૦૦ ફુટ દુર એવા, નદીના કિનારા પર આવેલ, સરકાર શ્રી ની માલીકી ના – બીન સર્વે નંબર (ખરાબા) ની જમીન પર, ૦–૦૧ ગુઠા ની, સરકાર શ્રી ની ફાળવણી હેઠળ મંજુરી અન્વયે મળેલ, ૦–૦૧ ગુઠા વાળી જમીન પર ના ઓરીયા પર, સદર તા.૧૭–૦૯–૧૪ વાળુ નવુ જોડાણ મંજુર કરાવી – અને જોડાણ ના સ્થળ પર થી, ૧૦૦૦ ફુટ પાઈપલાઈન ની પણ મંજુરી મેળવી, તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની અંગત માલીકી ના સર્વે નંબર : ૨૪૨ મા સિંચાઈ કરવા માટે – ફરીયાદી અરજદાર શ્રી ને, તેઓ શ્રી ના નામની જ, સદર તા.૧૭–૦૯–૧૪ વાળી અરજી પરત્વે, નવુ ખેતીવાડી વીજજોડાણ આપી શકાય નહી. આ બાબતે, ફરીયાદી અરજદાર શ્રી ને, સબંધક શહેર પેટા વિભાગીય કચેરી જામખંભાળીયા તરફથી, તા.૨૯–૦૬–૧૬ ના રોજ નો પત્ર ૨૩૬૭ પાઠવી અને જે જાણકારી અપાયેલ છે, તે બાબત નામદાર જીઈઆરસી પ્રારીત ધારાધોરણ, તેમજ જીયુવીએનએલ તરફથી અપાયેલ માર્ગદર્શીકા મા કરાયેલ જોગવાઈ મુજબ, નિયમાધીન યોગ્ય છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી દિપકભાઈ મેરગભાઈ ચાવડા એ, તેમની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, તા.૧૭–૦૯–૧૪ ના રોજ ની, નવા ૧૫ હોપા ની અરજી, જે તેમના ખેતીવાડી હેતુ ના સર્વે નંબર : ૨૪૨ મા, સામાન્ય યોજના હેઠળ નુ,નવુ જોડાણ મેળવવા માટે નોંધાવેલ છે. સદર સર્વે નંબર : ૨૪૨ મા આવેલ કુવા / બોર પર, એક ખેતીવાડી વીજજોડાણ નં.:૩૨૦૦૧/૧૦૦૧૦/૧ ( ૨૦ હોપા) હૈયાત છે. પરંતુ, આશરે ૦૭ ( ૫૦ વીઘા) હેકટર થી પણ વિશેષ એવી આ જ સર્વે નંબર : ૨૪૨ ની જમીન પર આવેલ, હૈયાત જોડાણ વાળા કુવા / બોર મા, અપુરતુ પાણી હોય, જેથી, સદર સર્વે નંબર : ૨૪૨ ની સંપુર્ણ જમીન પર સિંચાઈ થઈ શકતી ન હોવાના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.૧.૨ મુજબ ની વિગતે ની અરજી – જે આજ સર્વે નંબર : ૨૪૨ મા સિંચાઈ કરવા માટે, સદર સિંચાઈ ના સ્થળ સર્વે નંબર : ૨૪૨ થી, ૧૦૦૦ ફુટ દુર એવા, નદીના કિનારા પર આવેલ, સરકાર શ્રી ની માલીકી ના – બીન સર્વે નંબર (ખરાબા) ની જમીન પર, ૦–૦૧ ગુઠા ની, સરકાર શ્રી ની ફાળવણી હેઠળ મંજુરી અન્વયે મળેલ, ૦–૦૧ ગુઠા વાળી જમીન પર ના ઓરીયા પર, સદર તા.૧૭–૦૯–૧૪ વાળુ નવુ જોડાણ મેળવી, અને તે જોડાણ ના સ્થળ ( બિન નંબરી સરકારી પડતર જમીન એટલેકે સરકાર શ્રી તરફથી ફાળવવામા આવેલ ઓરીયા) થી ૧૦૦૦ ફુટ પાઈપલાઈન ની પણ સરકાર શ્રી તરફથી, મંજુરી મેળવી – અને તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની અંગત માલીકી ના સર્વે નંબર : ૨૪૨ મા સિંચાઈ કરવા માટે – ફરીયાદી અરજદાર શ્રી એ, તેઓ શ્રી ના નામની જ, સદર તા.૧૭–૦૯–૧૪ વાળી અરજી પરત્વે, નવુ ખેતીવાડી વીજજોડાણ, મેળવવા માટે ની પીજીવીસીએલ મા અરજી કરેલ છે. જે માંગણી, નીચે દર્શાવેલ મુદદા નં.૩.૨ મુજબ ની વિગતે, પીજીવીસીએલ કક્ષાએથી મંજુર રાખવા યોગ્ય નથી. |

| | |
|---|---|
| <u>૩.૨</u> | પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૨૮ મા કરાયેલ જોગવાઈ ના અનુસંધાને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ ના '' નવા ખેતીવાડી વીજજોડાણ માટે ના માર્ગદર્શન ના– મુદ્દા નં.(છ) મા કરાયેલ જોગવાઈ'' મુજબ – '' કોઈપણ સિંચાઈ ના સ્થળ પર, સિંચાઈ કરવા માટે, માત્ર એક જોડાણ આપી શકાય''. પરંતુ, સદર સિંચાઈ ના સ્થળ સર્વે નંબર : ૨૪૨ મા આવેલ કુવા / બોર પર, અરજદાર શ્રી દિપકભાઈ મેરગભાઈ ચાવડા ના નામનુ, સદર સર્વે નંબર : ૨૪૨ મા સિંચાઈ કરવા માટેનુ, ફરીયાદી અરજદાર શ્રી દિપકભાઈ મેરગભાઈ ચાવડા ના નામનુ જ, એક ખેતીવાડી વીજજોડાણ નં.:૩૨૦૦૧/૧૦૦૧૦/૧ ( ૨૦ હોપા) હૈયાત છે. જેથી, આ સર્વે નંબર : ૨૪૨ મા સિંચાઈ કરવા માટે, ફરીયાદી અરજદાર શ્રી ને, તેઓ શ્રી ની જ, સદર તા.૧૭–૦૯–૧૪ વાળી અરજી પરત્વે, નવુ ખેતીવાડી વીજજોડાણ, પીજીવીસીએલ કક્ષાએથી આપી શકાય નહી. તે બાબત પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય છે. તદ ઉપરાંત, પીજીવીસીએલ મા, પ્રવર્તમાન એવા, રાજ્ય સરકાર શ્રી ઉર્જા ખાતાના ના, તાજેતર ના પરીપત્ર નં.: જીયુવી/૨૦૧૬ –૨૬૩૬–ક૧/ તા.૧૮–૧૦–૧૬ ના અનુસંધાને, જીયુવીએનએલ ના પત્ર નં.: જીયુવીએનએલ/ટેક–૨/આરએનઆર/૨૦૪૪ તા.૨૫–૧૦–૧૬ થી મળેલ માર્ગદર્શક સુચના ના અનુસંધાને, પીજીવીસીએલ ની નિગમીત કચેરી રાજકોટ તરફથી અપાયેલ પરીપત્ર નં.: પીજીવીસીએલ/પ્રોજેકટ/૧૨૦૭, તા.૨૬–૧૦–૧૬ મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, '' ૦૮ એકર (૨૦ વીઘા) થી વિશેષ એવી ખેતીવાડી હેતુ ની જમીન પર, સિંચાઈ માટે નુ એક વીજજોડાણ હૈયાત હોવા છતા, આ જમીન પર, ખેડુત અરજદાર બીજુ જોડાણ મેળવી શકશે.'' પરંતુ, આવુ બીજુ જોડાણ મેળવવા માટે ની, સરકાર શ્રી ના પરીપત્રો ની તા.૧૮–૧૦–૧૬ પહેલા ની નોંધાયેલ ન હોવી જોઈએ, પરંતુ આવી અરજી સદર પરીપત્ર તા.૧૮–૧૦–૧૬ પછીજ નોંધાયેલ હોવી જોઈએ, તે મુજબ ની જોગવાઈ છે. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ની, તેઓ શ્રી ના સદર ખેતીવાડી સર્વે નંબર : ૨૪૨ મા બીજુ જોડાણ મેળવવા માટે ની અરજી, જે તા.૧૭–૦૯–૧૪ ના રોજ નોંધાયેલ છે, એટલેકે સરકાર શ્રી ના પરીપત્ર તા.૧૮–૧૦–૧૬ પહેલા નોંધાયેલ છે. આવા કારણોસર, આ પરીપત્ર ની જોગવાઈ નો લાભ – એટલેકે એકજ સર્વે નંબર મા બીજુ જોડાણ મેળવવા માટે નો લાભ – પણ ફરીયાદી અરજદાર શ્રી ને, પીજીવીસીએલ તરફથી આપી શકાય તેમ નથી. આ બાબત સરકાર શ્રી ના ધારાધોરણ અન્વયે ની હોય, પીજીવીસીએલ માટે નિયમાધીન છે. |
| <u>૩.૩</u> | તેમ છતા, ફરીયાદી અરજદાર શ્રી ની અંગત માલીકી નો સદર સર્વે નંબર : ૨૪૨, જો ૦૨ કે ૦૩ ભાગમા વિભાજીત ( જેમકે – ૨૪૨ પૈકી ૧ / ૨૪૨ પૈકી ૨ / ૨૪૨ પૈકી ૩ વગેરે) થઈ ચુકેલ હોય તો, ફરીયાદી અરજદાર શ્રી, તેમની મુળ તા.૧૭–૦૯–૧૪ ની અરજી વાળુ, સામાન્ય યોજના હેઠળ નુ, ૧૫ હોપા નુ, નવુ ખેતીવાડી વીજજોડાણ, જે સરકાર શ્રી દ્વારા મંજુર કરાયેલ ઓરીયા પર ચાલુ કરાવી, મંજુરી મુજબ ની પાઈપલાઈન દ્વારા, સદર વિભાજીત થયેલ એવી સ્વતંત્ર સર્વે નંબર ( જેમકે – ૨૪૨ પૈકી ૧ / ૨૪૨ પૈકી ૨ / ૨૪૨ પૈકી ૩ વગેરે માથી કોઈપણ એક નવા સર્વે નંબર મુજબ વિભાજીત થયેલ ) વાળી જમીન પર, સિંચાઈ કરી શકે છે.આ બાબત, જે સરકાર શ્રી / નામદાર જીઈઆરસી / જીયુવીએનએલ ના ધારાધોરણ અન્વયે, પીજીવીસીએલ મા નિયમાધીન છે. જો, અરજદાર શ્રી આ મુજબની, સ્થીતી દર્શાવતા દસ્તાવેજીક પેપર્સ, જો પીજીવીસીએલ મા રજુ કરશે, તો પીજીવીસીએલ તરફથી, તેમની માંગણી મુજબ નુ, મુળ તા.૧૭–૦૯–૧૪ ના રોજ ની અરજી વાળુ, નવુ જોડાણ મંજુર કરવામા આવશે. |
| <u>૩.૪</u> | ઉપરોક્ત મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતો ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી ની અંગત માલીકી નો સદર સર્વે નંબર : ૨૪૨ – જો અરજદાર શ્રી ના સીધીલીટી ના વારસદારો ( અરજદાર શ્રી ના પત્ની / પુત્ર / પુત્રી / પુત્રવધુ વગેરે ) ના નામે, જો ૦૨ કે ૦૩ ભાગમા વિભાજીત ( જેમકે – ૨૪૨ પૈકી ૧ / ૨૪૨ પૈકી ૨ / ૨૪૨ પૈકી ૩ વગેરે) થઈ ચુકેલ હોય તો, ફરીયાદી અરજદાર શ્રી, તેમની મુળ તા.૧૭–૦૯–૧૪ ની અરજી વાળુ, સામાન્ય યોજના હેઠળ નુ, ૧૫ હોપા નુ, નવુ ખેતીવાડી વીજજોડાણ, જે સરકાર શ્રી દ્વારા મંજુર કરાયેલ ઓરીયા પર ચાલુ કરાવી, મંજુરી મુજબ ની પાઈપલાઈન દ્વારા, સદર વિભાજીત થયેલ એવી સ્વતંત્ર સર્વે નંબર ( જેમકે – ૨૪૨ પૈકી ૧ / ૨૪૨ પૈકી ૨ / ૨૪૨ પૈકી ૩ વગેરે માથી કોઈપણ એક નવા સર્વે નંબર મુજબ વિભાજીત થયેલ ) વાળી જમીન પર – સીધીલીટી ના વારસદારો ના નામે નામ બદલી કરી – અને તે મુજબ, જે તે વારસદાર ને વારસાઈ હકક મા મળેલ, સદર સર્વે નંબર : ૨૪૨ વાળી વિભાજીત જમીન પર – સિંચાઈ કરી શકે છે.આ બાબત, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ ના ધારાધોરણ અન્વયે, પીજીવીસીએલ મા નિયમાધીન છે. જો, અરજદાર શ્રી આ મુજબની, સ્થીતી દર્શાવતા દસ્તાવેજીક પેપર્સ, જો પીજીવીસીએલ મા રજુ કરશે, તો પીજીવીસીએલ તરફથી, તેમની માંગણી મુજબ નુ, મુળ તા.૧૭–૦૯–૧૪ ના રોજ ની અરજી વાળુ, નવુ જોડાણ, જે નામ બદલી અને સિંચાઈ ના વિભાજીત સ્થળ પર ના શીફટીંગ સાથે મંજુર કરવામા આવશે. |

| | |
|---|---|
| ૩.૫ | સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ અરજીઓ, જે – અરજદાર શ્રી, ૦૧ વર્ષ સુધી – જોડાણકાર / જોડાણ ના સ્થળ / સિંચાઈ ના સ્થળ, વગેરે ની સ્થિતી નિયત કરતા દસ્તાવેજીક પેપર્સ ની ત્વરીતે ઉપલબ્ધી ન હોવાના કારણોસર – પીજીવીસીએલ કક્ષાએ પડતર રખાવી શકે છે. પીજીવીસીએલ કક્ષાએથી પણ, અરજદાર શ્રી ને આ મુજબ ની એક તક આપવાની બાબત પણ પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી નિયમાધીન પ્રણાલી મુજબ યોગ્ય, અને ખેડુત અરજદારો માટે ન્યાયિક રીતે વ્યાજબી છે. સદર જોગવાઈઓ ને આનુષાંગીક રહી અને, ફરીયાદી અરજદાર શ્રી ને તેમના સિંચાઈ ના સર્વે નંબર : ૨૪૨ મા ૨૦ એકર થી પણ વિશેષ એવી ખેતીવાડી ની જમીન પર ના હૈયાત જોડાણવાળા કુવા / બોર મા અપુરતુ પાણી હોવાના કારણોસર, પૂર્ણ જમીન મા સિંચાઈ કરવા માટે, સરકાર શ્રી તરફથી, ઓરીયા / પાઈપલાઈન ની મંજુરી મેળવી, તે મુજબ સંપુર્ણ જમીન મા સિંચાઈ કરવાનો ઉદેશ છે. પરંતુ, આ માટે સર્વે નંબર વિભાજીત કરવાની બાબત અરજદાર માટે જરૂરી છે. જેથી, સદર સર્વે નંબર વિભાજીન ની પ્રક્રીયા પૂર્ણ કરવા માટે, અરજદાર શ્રી ને પણ સદર અરજી ની મુદત વધારી આપવાની એક તક આપવાની બાબત, જે ફોરમ કમિટી ને, ન્યાયિક રીતે વ્યાજબી અને પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય જણાયેલ છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલી સવાલવાળી તા.૧૭–૦૯–૧૪ અરજી ને, અત્રેના ફોરમ ના આ હુકમ ની તારીખથી, વધુ ૦૬ માસ સુધી ના સમયગાળા માટે પડતર રાખવાની બાબત ફોરમ કમિટી એ યોગ્ય ઠેરવેલ છે. સદર ૦૬ માસ સુધી ના સમયગાળા દરમ્યાન, ફરીયાદી અરજદાર શ્રી તરફથી, ઉપરોક્ત મુદદા નં. ૩.૩ અને ૩.૪ મુજબ ની વિગતે વર્ણવ્યા મુજબ ના દસ્તાવેજીક પેપર્સ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, રજુ કરવામા આવશે તો, સદર દસ્તાવેજીક પેપર્સ રજુ કર્યા પછી ના દિન–૩૦ મા જ, ફરીયાદી અરજદાર શ્રી નુ, સદર નવુ ખેતીવાડી વીજજોડાણ, જે મુળ અરજદાર શ્રી ના નામ પર અથવા તો તેમના સીધીલીટી ના વારસદાર ના નામ પર, મુળ સિંચાઈ ના સ્થળ તબ્દીલી સાથે, મંજુર કરી અને, મંજુરી અન્વયે નુ ભાવપત્રક, જે અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, આપવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની સવાલવાળી અરજી પરત્વે, તેમના સિંચાઈ ના સ્થળ સર્વે નંબર : ૨૪૨ મા, એક જોડાણ હૈયાત હોય, બીજુ જોડાણ આપી શકાય નહી. તે પ્રમાણે ની – ફરીયાદી અરજદાર શ્રી ને જાણકારી આપવામા આવે છે. |
| ૪.૨ | તેમ છતા, સદર કેઈસ મા, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ અને ૩.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની નિયત અરજી ( જરૂર જણાયે નામ બદલી તેમજ શીફટીગ સબબ ની અરજી) ફોર્મ સાથે, જરૂરી દસ્તાવેજીક પેપર્સ સાથે ની અરજી, જો ફરીયાદી અરજદાર શ્રી, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, નિયત નોંધણીચાર્જ ભરપાઈ કરીને નોંધાવશે તો, ફરીયાદી અરજદાર શ્રી ની સદર અરજી નિયમાધીન યોગ્ય ગણાશે અને મંજુરી ને પાત્ર રહેશે. |

| | |
|---|---|
| ૪.૩ | ફરીયાદી અરજદાર શ્રી ની સદર અરજી અન્વયે, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૫ મુજબ ની વિગતે, વર્ણવ્યા મુજબ ના દસ્તાવેજીક પેપર્સવાળી અરજી – જેજો, ઉપરોક્ત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતેની અરજી, જો અરજદાર શ્રી તરફથી, પીજીવીસીએલ ના સબંધક કચેરી મા, રજુ કરવામા આવશે તો, અરજદાર શ્રી તરફથી પીજીવીસીએલ મા, સદર અરજી રજુ કર્યા પછી ના દિન–૩૦ મા જ, ફરીયાદી અરજદાર શ્રી નુ, સદર નવુ ખેતીવાડી વીજજોડાણ, જે મુળ અરજદાર શ્રી ના નામ પર અથવા તો તેમના સીધીલીટી ના વારસદાર ના નામ પર, મુળ સિંચાઈ ના સ્થળ સર્વે નંબર : ૨૪૨ પર થી, તબ્દીલ થયેલ અન્ય ( વિભાજીત થયેલ પૈકી નંબર સાથે ના સર્વે નંબર : ૨૪૨ ની માહે ની જમીન પર) સર્વે નંબર : ૨૪૨ મા, જરૂર જણાયે, નામ બદલી અને શીફટીંગ સાથે મંજુર કરી અને, મંજુરી અન્વયે નુ ભાવપત્રક, જે અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, આપવા માટે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..